# આરતી

જય હરસિધ્ધિ મૈયા મા જય હરસિધ્ધિ મૈયા
કોયલે સ્થાન તમારું ઉજૈન પૂજાતા માં
ૐ જય ૐ જય ૐ માં જુગદંબે (૨)

મિયાણીનો મહીપાલ પ્રભાતસેન રાજન
મા તેનું ભક્ષણ કરીને કરતાં નિત્ય સજીવન
ૐ જય ૐ જય ૐ માં જુગદંબે (૨)

માળવાનો મહીપાલ વિર વિક્રમ રાજન
મા તેને વચને બંધાતા ઉજન પૂજાતાં
ૐ જય ૐ જય ૐ માં જુગદંબે (૨)

આવ્યો એક શાહુકાર પડયો તુજ પગમાં
મા તેનું કષ્ટ કાપીને અમર કર્યો તે આ જગમાં
ૐ જય ૐ જય ૐ માં જુગદંબે (૨)

પ્રગટ જ્યોત જગમાંહી હરસિધ્ધિ દુઃખ હરતાં
મા સવા પહોર દિન ચડતાં તુજ પૂજન કરતાં
ૐ જય ૐ જય ૐ માં જુગદંબે (૨)

હરસિધ્ધિ માતાની આરતી જે કોઇ પ્રેમે ગાશે
તેને સહુ સુખ મળતાં કૈલાશે જાશે
ૐ જય ૐ જય ૐ માં જુગદંબે (૨)
ૐ જય ૐ જય ૐ માં જુગદંબે (૨)